4/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

ખબર પત્રિકા

પાના ૨૪

સૂર્યોદય - ૦૬.૩૫.૪૦
સંવત - ૨૦૮૨
આસો સુદ-૧૧, બુધવાર
તા. ૨૧-૧૦-૨૦૨૬
સૂર્યાસ્ત - ૦૬.૧૧.૧૦

વર્ષ-૧૦ • અંક-૧૩૫ • સળંગ અંક - ૨૫૫૨ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

મુંદ્રાના **હસમુખ નાનજી કેનીયા** (ઉ.વ. ૬૪) તા. ૧૯-૧૦-૨૬નાં ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. સ્વ. પાનબાઈ શીવજીના પૌત્ર. સ્વ. પ્રભાબેન નાનજીના પુત્ર. બારોઈ મમીબાઈ ખેરાજના દોહીત્ર. સ્વ. નીતાના પતિ. ભવ્યના પિતા. સુભાષ, વિનોદ, મંજુલા, સ્વ. ચુનીલાલના ભાઈ. નિર્મળાબેન, સ્વ. સરોજબેનના દેર. વડાલા સ્વ. શાંતિલાલ લખમશી નિસરના સાળા. સચીન, રીટા, હીના, ભાવિની, કીંજલના કાકા. સોનલ, સુમિતના મામા. મોહીતના દાદા. વડાલા રીતેશ કાંતીલાલ, કાંડાગરા પરાગ ભવાનજી, બાડા કેતન નેમચંદ, દેશલપુર દિપેશ હરખચંદ, જીનલના કાકાઈ સસરા. દેશલપુર રાહુલ નવિન, નિશાના મામાઈ સસરા. વડાલા સાકરબેન દામજી ખીમજી શેઠીયાના જમાઈ. સ્વ. વનિતા, હરખચંદ, સ્વ. જીતેન્દ્રના બનેવી. માયાબેનના નણંદોઈ. ભુજપુર કેશવજી ધારશીના સાઢુ. સ્વ. વલ્લભ, મનીષના માસા. મો. ખાખર ચિંતલ વિરલ ભેદા, વડાલા જીનલ ચિરાગ ધરોડના ફુઆ. લાખાપુર મણીબેન ભાણજી મારૂ, સાડાઉ લક્ષ્મીબેન વેલજી ગાલા, નાનબાઈ પ્રેમજી ગાલાના ભાણેજ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. સુભાષ નાનજી કેનીયા, બી-૧૨૦૨, મહાવીર મેજેસ્ટી, એમ.જી.રોડ, કાંદીવલી (વે.), મું. ૬૭. વિનોદભાઈ-૯૩૨૧૩૬૩૮૮૬, નિર્મળા-૮૯૨૮૩૦૬૧૫૭, મંજુલા- ૭૬૬૬૩૦૪૫૩.

4/1/1 -------- (1-5)

દેશલપુર (કંઠી)ના **ચંદનબેન નવીન દેઢિયા** (ઉ. ૭૩) તારીખ ૧૯-૧૦ ના ટૂંકી માંદગીથી અવસાન પામેલ છે. હીરબાઈ પ્રેમજી પુનશીના પુત્રવધુ. નવીનના પત્ની રાહુલ, અમીષ, યતીશ ના માતુશ્રી સોનલ, ભાવિની, સોનલના સાસુ. ઉમંગ, ટીશાના દાદી. અરુણા વસંત, વનિતા ચંદ્રકાંત, બિદડા ભારતી નરેન્દ્ર ના ભાભી. ગૌરાંગ, નીરવ, શીતલ, સંકેત, હિરલ ના કાકી. અવની બારોઈ અમિત હરખચંદ, જામ દુધઈ જય જગદીશ ના કાકીસાસુ. હિરેન, બિનલના મામી. જીનલના મામીસાસુ સુંદરબેન દામજી, હાંસબાઈ દેવશી, નાનબાઈ જાદવજીના ભત્રીજા વહુ. ડેપા ના વેલજી પાલણના ભાણેજવહુ. કોડાયના મેઘબાઈ વલ્લભજી દેવરાજ લાલનના સુપુત્રી કિશોરના બેન લતાના નણંદ ભાવિન, પૂર્વીના ફુઈ. ભાવિની સમાઘોઘા વિપુલ ના ફૂઈસાસુ. અમૃતબેન મણિલાલ, ઝવેરબેન લીલાધર, ડોણ રતનબેન ઉમરશી, બાડા સંતોકબેન વસનજીના ભત્રીજી. તલવાણાના સોનબાઈ શિવજીના દોહિત્રી વડાલા મંજુલાબેન શાંતિલાલ, કોકીલાબેન લાલચંદ, બેરાજા રસીલાબેન પ્રવીણ ના વેવાણ **પ્રા. હાલાઈ લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદીવલી (વે). ટા. ૨ થી ૩:૩૦.** નિ. નવીન દેઢિયા- ૪૦૧, શિવપ્રસાદ, રામચંદ્ર લેન, મલાડ (વેસ્ટ) મુંબઈ -૬૪. મો. નવીન-૯૮૩૩૭૨૨૦૦૬, સોનલ-૯૯૬૯૪૧૫૫૩૩.

4/1/1 -------- (1-5)

નરેડીના **નાનજી (દાદા) વેલજી નાગડા** (ઉ.૮૩) ૧૮-૧૦ના અરિહંત શરણ થયા છે. સાકરબાઈ વેલજી લીલાધરના પુત્ર. કેસરબેન/કસ્તુરબેનના પતિ. દીપા, નીપા, અલ્પા, પ્રિતિના પિતા. ખંભાત અમિત ભદ્રિક, મોટી વરંડીના દિપક નાનજી, નાંગલપુર મયુર નેમચંદ, દેવપુર મનીષ કાંતિલાલના સસરા. લક્ષ્મીચંદ (દાદા), કેસરબેન, નવલના ભાઈ. મણીબેનના દેર. દેવપુર વિશનજી તેજપાર, રાયધણજર નાનજી ગાંગજીના સાલ. દેઢીઆ સોનબાઈ મેઘજી દેવશીના દોહિત્ર. ભરત (દાદા), ચંદન, ગીતા, પુષ્પાના કાકા. બાંભડાઈ લક્ષ્મીબેન મુરજી લીલાધર, નવાવાસ વેલબાઈ પ્રેમજી નથુના જમાઈ. જેઠાલાલ, શાંતીલાલ, ડુમરા દેવકાબાઈ શામજી, પુનડી અમૃત મણીલાલ, વિજપાર, વિરજી, ભવાનજી, ભરૂડીયાના લક્ષ્મીબેન પોપટલાલ, ચાંગડાઈ લીલાવંતી મણીલાલ, બિદડા પ્રભા હસમુખ, કોટડા રોહા ધનવંતી હેમરાજના બનેવી. શાંતાબેન, રંજન, વનિતા, ચંદન, ભારતીના નણંદોઈ. મંજુલા, નરેડી સુરેન્દ્ર કલ્યાણજી, ચીઆસર તરૂણ પુનશી, વિંઝાણ ગીતેન દામજીના કાકાઈ સસરા. ખંભાત મીનાક્ષીબેન ભદ્રિકભાઈ, મો. વરંડી વિજયાબેન નાનજી. નાંગલપુર હેમલતાબેન નેમચંદ, દેવપુર રમીલાબેન કાંતીલાલના વેવાઈ. **પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૩ થી ૫.** નિ. નાનજી નાગડા, બી-૨/૫૦૪, કચ્છી સર્વોદય નગર, લોખંડે માર્ગ, ચેમ્બુર, મું. ૪૩. મો. ૯૮૨૧૨૮૯૨૯૫.

4/1/1 -------- (1-5)

કોટડા (રોહા)ના **માતુશ્રી જવેરબેન માવજી ગોસર** (ઉ.વ. ૮૬) તા. ૧૮-૧૦નાં અવસાન પામેલ છે. માતુશ્રી માનબાઈ રવજી જેઠાના પુત્રવધુ. માવજીના ધર્મપત્ની. દેવપુર લક્ષ્મીચંદ મુરજી ગાલાના માતૃતુલ્ય. અરૂણાના સાસુ. જીગર, રીંકુના દાદી. જીંગલ, ગુંદીયાળી ભાવિન ગોરના દાદી સાસુ. સીયા, વિહા, લબ્ધિ, અયંતીના મોટા દાદી. જીવરાજ, આણંદજી, જયંતીલાલ, હીરબાઈ, દેવકાબેન, પુરબાઈના ભાભી. વિજયાના દેરાણી. ગંગાબેન, હીરાબેનના જેઠાણી. શેરડી નાગજી કરમશી, હાલાપુર પ્રેમજી જીવરાજ, દેવપુર મુરજી મોતીના સાલના ઘરેથી. કોટડા (રોહા) પુંજાભાઈ કાનજીના ભાણેજ વહુ. દેવપુર માતુશ્રી માલબાઈ/વેલબાઈ મોતીભાઈના પુત્રી. પોપટ, મુરજી, ગાંગજી, દેવચંદ, ચંચલબેન, દેવકાબેન, લક્ષ્મીબેન, ખેતબાઈના બહેન. પુરબાઈ, પુરબાઈ, લક્ષ્મીબેન, લીલાવંતીના નણંદ. દેવપુર પ્રેમજી માણેક, સાભરાઈ વસનજી શામજી, શેરડી તલકશી કુંવરજી, કોટડા પ્રેમજી જેવતના સાલી. કોટડા દાહીબેન રાયશી ગઢેરાના દોહીત્રી. વસંત, હરેશ, સંજય, કિરણ, સરલા, ડીમ્પલ, દક્ષાના કાકી. રમીલા, નિર્મળા, કલ્પના, રીટા, અમીષા, ગોધરા ભાઈલાલ સાલીયા, લાયજા તનસુખ છેડાના કાકી સાસુ. **પ્રાર્થના રાખેલ નથી.** એડ્રેસ : લક્ષ્મીચંદ ગાલા, સી-૧૦૨, પ્રણવ એપાર્ટમેન્ટ, એમ.જી.રોડ, મુલુંડ (વે.), મું. ૮૦. લક્ષ્મીચંદ-૯૩૨૩૧૫૦૬૫૫, અરૂણા-૯૮૨૦૮૧૮૫૨૮.

4/1/1 -------- (1-5)

લાખાપુરના **માતુશ્રી કેસરબેન નાગજી મારૂ** (ઉ.વ. ૮૯) તા. ૧૯-૧૦-૨૦૨૬ ના દેહ પરિવર્તન કરેલ છે. મા. નાનબાઈ કાનજી મણશીના પુત્રવધુ. ગુંદાલા જેઠુ ગણપતના દો.વધુ. સરલા, કોકીલા, હરેશ, હીના, રચનાના માતુશ્રી. પ્રીતિ, મેરાઉ કિશોર નાનજી, મો.આસંબીયા સતીશ કુંવરજી, પત્રી પંકજ વલ્લભજી, ના.તુંબડી રાજેશ રામજીના સાસુ. પ્રણવ, નિશા, યેશા, ડો.હની, પારસ, ઋષભ, રિધ્ધી, આદિતના નાની કલ્પા, બિદડા મેહુલ, ગઢશીશા યતીન, નવાપુર અજય, કેતકી, ધ્વનિ, ના.બેડા પૂરવના નાની સાસુ. કેશવજી, ગાંગજી, શાંતિલાલ, રમણીક, બારોઈ વેલબાઈ ખીમજી, ગુંદાલા સંતોક માવજી, દિવ્યાના ભાભી. શાંતાબેન, વેલબાઈના દેરાણી. સુશીલા, લીલાવંતીના જેઠાણી. પ્રાગપુરના ઉમરબાઈ લખમશી વીરજીના પુત્રી. લુણી નથુ નાંગુના દોહિત્રી. ભવી (ભવાનજી), નવીન, મણીલાલ, ડો.મુકેશ, લક્ષ્મી, પ્રભા, કુસુમ, નિર્મળાના બેન. અંજુ/નલિની, નીમા, વર્ષા, રેખાના નણંદ. ગુંદાલા લાલજી, કુંદરોડી વાલજી, દિનેશ, વાંકી અનિલના સાળી. નાગલપુર પ્રભાબેન મગનલાલ, મેરાઉ હીરાબેન નાનજી, મો. આસંબીયા ચંચળબેન કુંવરજી, પત્રી ચંચળબેન વલ્લભજી, ના.તુંબડી મંજુલાબેન રામજીના વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. હરેશ મારૂ, સિધ્ધી વિનાયક, બી-૧૩/૧૪, ૩જે માળે, એમ.જી.કોમ્પલેક્ષ, વાશી, ૪૦૦૭૦૩. હરેશ-૯૮૧૯૬૨૨૨૦૦, પ્રીતિ-૭૦૨૧૩૧૩૧૧૭.

4/1/1 -------- (1-5)

(JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે નાહવા માટે એક બાલદી ઉપરાંત પાણી વાપરવું નહીં. (અપકાય જીવોની જતના કરવા)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- દરેક કચ્છી વેપારી માટે ડિજિટલ વ્યાપાર ઉત્સવ માં જોડાવા સંપર્ક કરો : 9372976665
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(18) -------- (A-13860)(4-19)

સંસ્થાકીય મિટીંગ

ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એસોસીએશન વાર્ષિક સાધારણ જનરલ સભા

એસોસીએશનની વાર્ષિક સાધારણ જનરલ સભા, ગુરૂવાર, તાઃ ૨૨-૧૦-૨૦૨૬, ના રોજ બપોરે ૩.૩૦ (સાડા ત્રણ) કલાકે અમરસન્સ સભાગૃહ, શ્રી ક.વિ. ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ, ૭૦/૮૦, ડો. બી.એ.રોડ, ચીંચપોકલી, મુંબઈ-૧૨ મધે નીચે જણાવેલ કામકાજ માટે મળશે, તો આપશ્રીને સમયસર હાજર રહેવા વિનંતી. (૧) તાઃ ૭-૫-૨૦૨૬ ના મળેલ અસાધારણ જનરલ સભાની મિનીટ્સ બહાલ રાખવા. (૨) તાઃ ૧-૪-૨૫ થી તાઃ ૩૧-૩-૨૬ સુધીના વર્ષ માટેના ઓડીટ થયેલ હિસાબો બહાલ રાખવા. (૩) સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે ઓડીટરની નિમણૂક કરવા અને તેમનું મહેનતાણુ નકકી કરવા. (૪) લાગલગાટ છેલ્લા ત્રણ કે વધુ વર્ષથી સંસ્થાનું લવાજમ ન ભરતા સભ્યોના સભ્યપદ અંગે ચર્ચા કરી ઘટતુ કરવા. (૫) સભ્ય તથા વારસદાર બંને હયાત ન હોય માત્ર તેવા જ સભ્યપદ કાર્ડમાં એક વારસદાર નિમવાની છૂટ આપવા બાબત ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવા. (૬) પ્રમુખસ્થાનેથી અન્ય જે કાઈ રજુ થાય તે અંગે ચર્ચા કરી ઘટતું કરવા. તો સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

● નોંધઃ (૧) કોરમના અભાવે મુલત્વી રહેલી સભા ૩૦ મીનીટ પછી તે જ સ્થળે તે જ કામકાજ માટે મળશે અને તેમાં થયેલ કાર્યવાહી બંધારણીય ગણાશે. (૨) મેમ્બરશીપ કાર્ડમાં જેમનો ફોટો હોય તેમાંથી ગમે તે એક સભ્ય સભામાં હાજરી આપી શકશે. મેમ્બરશીપ કાર્ડ ફરજીયાત સાથે લાવવાનું રહેશે. લી. રમણીકલાલ જાદવજી છેડા-પ્રમુખ, પ્રદીપ શામજી દેઢીયા-ઉપપ્રમુખ, હસમુખ ભવાનજી ગાલા તથા કેશવજી દેવરાજ દેઢીયા-માનદ્ મંત્રીઓ.

2/1/1(1) -------- (A-13809)(1-5)

ઈસ્ટ ઓર વેસ્ટ માટુગા મહાવીર ધી બેસ્ટ ૪૮ વર્ષથી આપની સેવામાં

એમ્બ્રોઈડરીની કોઈ પણ આઈટમ આપનાં ઓર્ડર મુજબ બનાવી આપશું. ઓલ્ટરેશન વર્ક જુની સાડીમાંથી નવી સાડી બનાવો. સાચી જરીની દરેક આઈટમ બજારથી વધારે ભાવથી વેંચવા માટુંગા મહાવીરમાં પધારો. તરત જ કેશ પેમેન્ટ. શ્રી મહાવીર એમ્બ્રોઈડરી, ફુલગલીની સામે, માટુંગા. ૮૬૫૨૨૩૯૫૩૭, ૯૮૩૩૯૧૬૫૧૦. સોમ બંધ.

4/1/1(3) -------- (B-13854)(1-5)

ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એસોસીએશન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ

વાર્ષિક સાધારણ જનરલ સભા

● ટ્રસ્ટની વાર્ષિક સાધારણ જનરલ સભા, ગુરૂવાર, તાઃ ૨૨-૧૦-૨૦૨૬, ના રોજ સાંજે ૪.૩૦ (સાડા ચાર) કલાકે - અમરસન્સ સભાગૃહ, શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ, ૭૦/૮૦, ડો. બી.એ.રોડ, ચીંચપોકલી, મુંબઈ-૧૨ મધે નીચે જણાવેલ કામકાજ માટે મળશે, તો આપશ્રીને સમયસર હાજર રહેવા વિનંતી. (૧) તાઃ ૭-૩-૨૦૨૬ ના મળેલ અસાધારણ જનરલ સભાની મિનીટ્સ બહાલ રાખવા. (૨) તાઃ ૧-૪-૨૫ થી તાઃ ૩૧-૩-૨૬ સુધીના વર્ષ માટેના ઓડીટ થયેલ હિસાબો બહાલ રાખવા. (૩) સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે ઓડીટરની નિમણૂક કરવા અને તેમનું મહેનતાણુ નકકી કરવા. (૪) તિથલ સેનેટોરીયમમાં રીડેવલપમેન્ટ કરાવવા બાબત ચર્ચા તથા તેના ખર્ચને બહાલી આપવા. (૫) પ્રમુખસ્થાનેથી અન્ય જે કાઈ રજુ થાય તે અંગે ચર્ચા કરી ઘટતું કરવા.

● નોંધઃ (૧) કોરમના અભાવે મુલત્વી રહેલી સભા ૩૦ મીનીટ પછી તે જ સ્થળે તે જ કામકાજ માટે મળશે અને તેમાં થયેલ કાર્યવાહી બંધારણીય ગણાશે. (૨) મેમ્બરશીપ કાર્ડમાં જેમનો ફોટો હોય તેમાંથી ગમે તે એક સભ્ય સભામાં હાજરી આપી શકશે. મેમ્બરશીપ કાર્ડ ફરજીયાત સાથે લાવવાનું રહેશે. લી. રમણીકલાલ જાદવજી છેડા-ચેરમેન, કલ્યાણજી મોણશી દેઢીયા-મેનેજીંગ ટ્રસ્ટી.

2/1/1(2) -------- (A-13810)(1-5)

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ www.kvoss.org

તા. ૨૧ ઓકટોબર - સેવા સમાજ

'શુભેચ્છક દાતા'

સ્વ. માતુશ્રી ચંચળબેન ઝવેરચંદ ગડાનાં જન્મદિન નિમિત્તે શ્રી ગિરીશ ઝવેરચંદ ગડા (મોટા લાયજા) તરફથી.

● ચિ. ત્રિશલા રસેશ બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન (નાની ખાખર)નાં જન્મદિવસ નિમિત્તે હસ્તે બિપિનચંદ્ર જૈન તરફથી.

● પૌત્રી ચિ. પ્રિશા ડોલી મિહીર ગાલાનાં જન્મદિન નિમિત્તે શ્રીમતી અલ્કા કાંતીલાલ ગાલા (કાંડાગરા) તરફથી.

● સ્વ. માતુશ્રી લક્ષ્મીબેન નાનજી હરીઆ (બાડા)ની પુણ્યતિથિ નિમિત્તે શ્રીમતી હીરાવંતી હીરજી દેઢિયા (ગોધરા) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા. સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(4) -------- (A-13747)(1-5)

મહિલા સંસ્થા સમાચાર

શ્રી ક.વિ.ઓ. લેડી ગ્રેજ્યુ. એસો. દિવાલી મેલા - શનિ, તા. ૩૧-૧૦, નપુ હોલ

● ઉપરોક્ત સંસ્થાએ કચ્છી સમાજમાં પ્રથમવાર ભવતિભવ્ય દસ (૧૦) કચ્છી ટ્રેડ ફેરનું આયોજન ડી સિલ્વા સ્કુલ, દાદર મધ્યે કર્યુંઃ. જે એક રેકોર્ડ સમાન છે.

● ત્યાર બાદ ડી સિલ્વા સ્કુલની ઉપલબ્ધી ન થતાં સમાજમાં પ્રથમ વાર દિવાલી મેલાનું આયોજન શરૂકર્યું. અનેક નાની/મોટી સંસ્થાઓએ અનુકરણ કરીને દિવાલી મેલા-થીમ માં ઝંપલાવ્યું.

● સ્ટોલ ધારોકનો સપોર્ટ, મુલાકાતીઓનો અવિરત સ્નેહઅને અડીખમ આયોજનની પ્રતિબધ્ધતાથી અમારી સંસ્થાં ૨૪માં દિવાલી મેલાનું આયોજન શનિવાર, તા. ૩૧-૧૦-૨૬નાં નપુ એન્ટ્રન્સ, નપુ એ.સી. હોલ અને નપુ ગ્રાઉન્ડ મધ્યે થઈ રહ્યું છે અને અમે સીલ્વર જ્યુબીલી તરફ આગળ વધી રહ્યા છીએ.

● અનેક સંસ્થાઓનાં દિવાલી મેલા/શો ત્યાર બાદ નવરાત્રી, આયંબીલની ઓળી અને ઘરની સાફ સફાઈ બાદ દિવાળીથી ફક્ત એક અઠવાડીયું પહેલા એક જ છતની નીચે તહેવારની ઉજવણીરૂપ દરેક સામગ્રીઓ તમે માણી શકશો અને ખરીદી કરી શકશો.

● Save The Date. કપડાં, જ્વેલરી, પર્સીસ, ફુટવેઅર ગૃહ ઉદ્યોગની અઢળક વેરાયટીઓ, મીઠાઈ, નાસ્તા અને ફરસાણનીખરીદી કરવા જરૂરથી પધારશો.

● વધુ વિગત માટે સંપર્ક : ડો. રૂપલ શાહ-9930835519, ડો. શિલ્પા-9324255988.

● લિ. મંત્રીઓ.

4/1/1(19) -------- (A-13859)(1-5)

1 BHK ફ્લટે ભાડેથી

મીરા રોડ હાઈ સોસાયટી એકદમ નવી બીલ્ડીંગમાં ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી આપવાનો છે. હાઈવેથી ૫ મીનીટનાં અંતરે અને કાશીગાંવ મેટ્રો સ્ટેશનથી નજીક. ડાયરેક્ટ પાર્ટી જ કોન્ટેક્ટ કરે (દલાલ નથી) ફ્લેટનો વીડીયો પણ ઉપલબ્ધ છે. સંપર્ક : જયવંતી મામણીયા-9930931493, કિરણ મામણીયા-9920716676.

4/1/1(13) -------- (B-13844)(1-5)

!! કુદરતી ઘુંટણને બદલો નહીં !!

ઘુંટણને બચાવો ! વા, સાંધા, સંધીવા, પગ, ઘુંટણ, સાયટીકા, સ્નાયુ, ચીકનગુનીયા તેમજ શરીરનાં દરેક દુઃખાવામાં સંપુર્ણ રાહત આપતી ૧૦૦% આયુર્વેદિક ગોળી ઘરે બેઠા મંગાવો. ફક્ત ૫ દિવસમાં પરીણામ દેખાશે. ૩૦ ગોળીનાં માત્ર રૂા. ૩૦૦/- (કુરીયર ફ્રી) તા.ક. : આ ગોળીમાં સ્ટેરોઈડ નથી. લેબોરેટરી રીપોર્ટ પણ આવી ગયેલ છે. રમેશ છેડા-9653491577.

4/1/1(16) -------- (B-13857)(1-5)

''સોની કાનજી આણંદજી જ્વેલર્સ''

! રેપ્યુટેડ જવેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(14) -------- (N-13843)(4-8)

ઠાણે ચરાઈમાં ચીરાગ આર્ટસ' અમેરીકન જ્વેલરીનું ગુરૂવારે સેવ કમ એકઝીબીશન

ચિરાગ આર્ટ્સ પાસે તમને રીયલમાં પણ ન જોવા મળે એવી અમેરીકન ડાયમંડ જ્વેલરી ની એક્સક્લુઝીવ વેરાયટીઓ મળશે જે આપશે તમને સાચા સોનાના દાગીના હોવાની અનુભુતિ તેની ખાત્રી

● ઠાણેમાં તા.: ૨૨-૧૦ ગુરુવાર ના કલ્પના ગંગાર ના ઘરે. ટા. ૨ થી ૮ . સ્થળ :- વામક્ષી રાખી ફ્લેટ નં. ૧, રમેશ એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, સેન્ટ જ્હોન સ્કૂલની સામે અહિલ્યાદેવી ગાર્ડનની બાજુમાં, ચરાઈ, થાણે .

● ચીરાગ આર્ટસ ના ચોકર અને લોંગ મોતી સેટ્સ નું ડીઝાઈનર યુનીક કલેકશન જોવા આવવાનું ચુકશો નહીં.

● ચીરાગ ગાલા : 9619453802.

● મીના ગાલા ની સજેસ્ટ કરેલી જવેલરી આપના શુભપ્રસંગો જેમ કે સગાઈ, સંગીત સંધ્યા, સમોર્તા, ચોરી, રીસેપ્શન, પહેડી, પુજન જેવા અવસરમાં પહેરી કોમ્પ્લીમેન્ટસ મેળવો.

2/1/1(3) -------- (B-13777)(1-5)

નિઃશુલ્ક અસ્થમા કેમ્પ

રોટરી ક્લબ ઓફ મુંબઈ (ઘાટકોપર) દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ફ્રી અસ્થમા કેમ્પ રવિવાર, તા. ૨૫.૧૦.૨૦૨૬, સાંજના ૭.૦૦ વાગે રાખવામાં આવેલ છે. અસ્થમા એલર્જી માં લાભદાયક. છેલ્લા ૨૫ વર્ષથી અવિરત સેવામાં. લાભ લેવા વિનંતી. સ્થળ : ધી રાજાવાડી કો. ઓ.હા.સો. વેલ્ફેર હોલ, ચીતરંજન નગર, આર. એન. ગાંધી સ્કુલની બાજુની ગલીમાં, રાજાવાડી, વિદ્યાવિહાર (ઈસ્ટ). આખી રાત રોકાવાનું રહેશે, દવા સવારે ૪.૩૦ વાગે આપવામાં આવશે. વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે સંપર્ક : લક્ષ્મીચંદ ગાલા- 9869010941, 8369749276, 9702663263.

4/1/1(12) -------- (A-13846)(1-5)

ચંદ્રપ્રભ મંડળની દિવાળી મીઠાઈઓ

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીની મીઠાશ. કાજુ કતરી ૭૫૦, મોહનથાળ ૪૦૦, મૈસુર પાક ૩૨૦, બદામી હલવો-સોન પાપડી માહીમ હલવો સાટા ૩૦૦ રૂા. તેમજ બધી ફરસાણ ૨૬૦ સમયસર ઓર્ડર લખાવજો. ડોંબીવલી મંજુલા કકા-૯૮૧૯૩૦૩૦૨૦, મુલુંડ પંકજ ૯૩૨૨૮૧૧૦૧૦ નીકીતાબેન ૭૦૩૯૫૦૩૪૦૩ ઘાટકોપર વીરેન છેડા ૯૯૨૦૧૨૨૨૯૯ અંધેરી જોગેશ્વરી ગોરેગામ કૃપાલી ૮૧૬૯૫૦૭૪૧૧ કાંદીવલી જયંતીભાઈ ૯૭૭૩૧૩૪૫૯૬ મધ્ય મુંબઈ ૯૦૨૯૨૭૩૯૭૦ લિ. મંત્રીઓ પરેશ શાહ, વાસંતી શાહ, મંજુલા કકાનાં જય જિનેન્દ્ર.

4/1/1(17) -------- (B-13861)(1-5)

લોન માર્ગદર્શન અભિયાન

આદરણીય જ્ઞાતિજનો...બેંક લોન જુની હોય કે નવી, કોઈ પણ મુંઝવણ હોય તો બેંકના ધક્કા ખાવાની જરૂર નથી. નિઃશુલ્ક (ફ્રી) સલાહ અને યોગ્ય માર્ગદર્શન માટે આજે જ સંપર્ક કરો. અંબાવી હાથીયાણી : 7700007204. શીતલ ગ્રુપ બોરીવલી (વેસ્ટ)

4/1/1(11) -------- (B-13847)(3-9)

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

ગામ : દેશલપુર (કંઠી) — **પ્રાર્થના સભા** — મુંબઈ : મલાડ (વે)

શ્રીમતી ચંદનબેન નવીન પ્રેમજી દેઢિયા

જન્મ : ૯-૫-૧૯૫૩ • અરિહંત શરણ : ૧૯-૧૦-૨૦૨૫ | ઉ.વ.: ૭૩

સમગ્ર જીવનમાં સૌને પ્રેમ કરનારા, સરળ - નિખાલસ સ્વભાવી, નાના મોટા સૌને મદદ કરનારા, લાગણીસભર - ધર્મપ્રેમી - જીવદયાપ્રેમી જેવા ગુણોથી જીવન અલંકૃત બનાવી રૂડી રીતે માનવ આયખું પુર્ણ કરી પ્રભુગૃહે પ્રયાણ કરનારા એવા આપના મોક્ષગામી આત્મા પ્રતિ ભાવવંદના...

મો.સાસુ-સસરા : માતુશ્રી માંકબાઈ પુનશી મુરજી દેઢિયા (દેશલપુર)
ના.સાસુ-સસરા : માતુશ્રી સોનબાઈ પાલણ લખુ મારૂ (ડેપા)
સાસુ-સસરા : માતુશ્રી હીરબાઈ પ્રેમજી પુનશી દેઢિયા (દેશલપુર)
દાદા-દાદી : માતુશ્રી દેવકાબેન દેવરાજ ખીયશી લાલન (કોડાય)
નાના-નાની : માતુશ્રી સોનબાઈ શીવજી દેવજી સાવલા (તલવાણા)
માતા-પિતા : માતુશ્રી મેઘબાઈ વલ્લભજી દેવરાજ લાલન (કોડાય)
પતિ : નવીન પ્રેમજી પુનશી દેઢિયા (દેશલપુર)

પુત્ર-પુત્રવધુ	: સોનલ રાહુલ નવીન દેઢિયા	દેશલપુર
	ભાવિની અમીષ નવીન દેઢિયા	દેશલપુર
	સોનલ યતીશ નવીન દેઢિયા	દેશલપુર
પૌત્ર-પૌત્રી	: ઉમંગ અમીષ નવીન દેઢિયા	દેશલપુર
	ટીશા યતીશ નવીન દેઢિયા	દેશલપુર
દેર-દેરાણી	: અરૂણા વસંત પ્રેમજી દેઢિયા	દેશલપુર
	વનિતા ચંદ્રકાંત પ્રેમજી દેઢિયા	દેશલપુર
નણંદ-નણદોઈ	: ભારતી નરેન્દ્ર રવજી કુરિયા	બિદડા
ભત્રીજા-ભ.વહુ	: અવની ગૌરાંગ વસંત દેઢિયા	દેશલપુર
ભત્રીજા	: નીરવ વસંત પ્રેમજી દેઢિયા	દેશલપુર
	સંકેત ચંદ્રકાંત પ્રેમજી દેઢિયા	દેશલપુર
ભત્રીજી-ભ.વર	: શીતલ અમિત હરખચંદ કેનિયા	બારોઈ
	હિરલ જય જગદીશ અડીયેચા	મલાડ/જામ દુધઈ
ભાણેજ-ભા.વહુ	: જીનલ હિરેન નરેન્દ્ર કુરિયા	બિદડા
ભાણેજી	: બીનલ નરેન્દ્ર રવજી કુરિયા	બિદડા
ભત્રીજા પુત્ર-પુત્રી	: દિવ્ય ગૌરાંગ વસંત દેઢિયા	દેશલપુર
	કિશી સંકેત ચંદ્રકાંત દેઢિયા	દેશલપુર
ભત્રીજી પુત્ર-પુત્રી	: સોહમ અમિત હરખચંદ કેનિયા	બારોઈ
	મેહલ અમિત હરખચંદ કેનિયા	બારોઈ
	શિવાય જય જગદીશ અડીયેચા	મલાડ/જામ દુધઈ
ભાણેજ પુત્ર	: સમ્યક હિરેન નરેન્દ્ર કુરિયા	બિદડા
કા.સાસુ-સસરા	: સુંદરબેન દામજીભાઈ પુનશી દેઢિયા	દેશલપુર
	હાસબાઈ દેવશી પુનશી દેઢિયા	દેશલપુર
	નાનબાઈ જાદવજી પુનશી દેઢિયા	દેશલપુર
	પુષ્પાબેન હીરજી ચાંપશી દેઢિયા	દેશલપુર
	નાનબાઈ કુંવરજી કુરપાળ દેઢિયા	દેશલપુર
	પુરબાઈ કુંવરજી વરજાંગ દેઢિયા	દેશલપુર
મા.સાસુ-સસરા	: લક્ષ્મીબેન વેલજીભાઈ પાલણ મારૂ	ડેપા
માસી.સાસુ-સસરા	: લધીબાઈ દામજી મોણજી દેઢિયા	બિદડા
	તેજબાઈ કાનજી પદમશી સાવલા	બેરાજા
	રાણબાઈ ગાંગજી કેશવજી મામણીયા	બેરાજા
કા.દેર-દેરાણી	: સરોજ ચુનીલાલ દેવશી દેઢિયા	દેશલપુર
	દિપ્તી પરેશ જાદવજી દેઢિયા	દેશલપુર
કા.દેર	: સ્વ.જયેશ જાદવજી પુનશી દેઢિયા	દેશલપુર
કા.નણંદ-નણદોઈ	: નિર્મળા કલ્યાણજી લાલજી છાડવા	ડેપા
	દમયંતી પોપટલાલ મેઘજી છેડા	બિદડા
	કુસુમ અશ્વિન ભવાનજી ગંગર	મો.ખાખર
	સરલા સુરેશભાઈ મગનલાલ ગડા	વડાલા
	કલ્પના પ્રદિપ હરશી બૌવા	ના.તુંબડી
કા.નણંદ-નણદોઈ	: સુજાતા અશ્વિન ગાંગજી રાંભિયા	રતાડિયા
મા.દેર-દેરાણી	: ભાવના ભોગીલાલ વેલજીભાઈ મારૂ	ડેપા
	તારા રમેશભાઈ વેલજીભાઈ મારૂ	ડેપા
	રક્ષા હરેશ વેલજીભાઈ મારૂ	ડેપા
માસી.જેઠ-જેઠાણી	: લક્ષ્મી જેઠાલાલ ગાંગજી મામણીયા	બેરાજા
	કુસુમ કલ્યાણજી ગાંગજી મામણીયા	બેરાજા
	રજન પ્રેમજીભાઈ ગાંગજી મામણીયા	બેરાજા
	સરલા શાંતિલાલ દામજી દેઢિયા	બિદડા
	રક્ષા નેમચંદ દામજી દેઢિયા	બિદડા
	રતન પોપટલાલ કાનજી સાવલા	બેરાજા
માસી.દેર	: સ્વ.મણીલાલ કાનજી પદમશી સાવલા	બેરાજા
માસી.નણંદ-નણદોઈ	: મણીબેન ધનજી દેવજી સાવલા	રામાણીયા
	પ્રભાબેન દેવશી વિજપાર મારૂ	ડેપા
	પાનબાઈ કાંતિલાલ ખીમજી પોલડીયા	બિદડા
	જયવંતી મનસુખલાલ મુરજી શેઠિયા	લાખાપુર
	સરલા દામજી કલ્યાણજી ગાલા	સાડાઉ
	ઝવેરબેન કાનજી સોજપાર ગડા	ભુજપુર
	કસ્તુર નાગજી રતનશી ગાલા	સમાધોઘા
	કાંતા રમેશ દામજી ધરોડ	પત્રી
	મંજુલા પ્રવિણભાઈ રામજી ગાલા	કાંડાગરા
	પ્રભા રમેશ પોપટલાલ ગડા	કોડાય

પિયર પક્ષ

ભાઈ-ભાભી	: લતાબેન કિશોરભાઈ વલ્લભજી લાલન	કોડાય
ભત્રીજા-ભ.વહુ	: ડૉ.ભાવિની ભાવિન કિશોરભાઈ લાલન	કોડાય
ભત્રીજી-ભ.વર	: પૂર્વી વિપુલ લક્ષ્મીચંદ રાંભિયા	સમાધોઘા
ભત્રીજા પુત્ર-પુત્રી	: ધિયાન ભાવિન કિશોરભાઈ લાલન	કોડાય
	મિસ્કા ભાવિન કિશોરભાઈ લાલન	કોડાય
ભત્રીજી પુત્ર-પુત્રી	: દિયા વિપુલ લક્ષ્મીચંદ રાંભિયા	સમાધોઘા
	ઝેના વિપુલ લક્ષ્મીચંદ રાંભિયા	સમાધોઘા
કાકા-કાકી	: અમૃતબેન મણીલાલ દેવરાજ લાલન	કોડાય
	ઝવેરબેન લીલાધર દેવરાજ લાલન	કોડાય
ફુઈ-ફુઆ	: રતનબેન ઉમરશી ગોગરી	ડોણ
	સંતોકબેન વસનજી નાનજી ગાલા	બાડા/વડોદરા
મામા-મામી	: જવેરબેન મોરારજી શીવજી સાવલા	તલવાણા
	પુષ્પાબેન વિસનજી શીવજી સાવલા	તલવાણા
	હેમલતાબેન હેમચંદ શીવજી સાવલા	તલવાણા
	નવલબેન જેઠાલાલ શીવજી સાવલા	તલવાણા
	જયાબેન કાંતિલાલ શીવજી સાવલા	તલવાણા
માસી-માસા	: વાસંતી/કોકિલા વલમજી કાકુભાઈ વોરા	બિદડા
કા.ભાઈ-ભાભી	: લીના ભાવેશ લાલન	કોડાય
	ડિમ્પલ નિતીન લાલન	કોડાય
કા.બેન-બનેવી	: પ્રફુલ્લા પંકજ ગોગરી	ડોણ/અમદાવાદ
	દિપા ચેતન સાવલા	રાયણ
	શોભના મહેશ નાગડા	નરેડી
	સુનીતા અજય રાંભિયા	ગોધરા/ગાંધીનગર
	રશ્મિ નમન રાંભિયા	ના.ભાડિયા/પુના
ફુ.ભાઈ-ભાભી	: વિમળા નવીન ઉમરશી ગોગરી	ડોણ
ફુ.બેન-બનેવી	: ચંદન રમણીક સાવલા	રાયણ
	ભાવના હરખચંદ ગોસર	વીઢ/વડોદરા
મા.ભાઈ-ભાભી	: તરલા ગિરીશ મોરારજી સાવલા	તલવાણા
	શીલા ભરત વિસનજી સાવલા	તલવાણા
	અલ્કા વિપુલ વિસનજી સાવલા	તલવાણા
	છાયા રાજેશ હેમચંદ સાવલા	તલવાણા
	યશોધરા ધીરેન જેઠાલાલ સાવલા	તલવાણા
	અમી કૃણાલ કાંતિલાલ સાવલા	તલવાણા
મા.બેન-બનેવી	: ભાવના ગિરીશ ટોકરશી ખુથીયા	તુંબડી
	જયશ્રી લક્ષ્મીચંદ ખીમજી ગડા	રાયધણજાર
	ચેતના મધુકર ટેંબેકર	મુંબઈ
	અલ્પા આશિષ ઝવેરચંદ ગાલા	ના.રતડીયા
	પ્રિતી મિતેશ માવજી હરિયા	દેવપુર
	હેતલ પૃથ્વી બટુક બલદેવ	મુંબઈ/રાજકોટ
માસી.ભાઈ-ભાભી	: ગીતા નિરવ વલમજી વોરા	બિદડા
માસી.બેન-બનેવી	: હેનલ કૃણાલ ચાંપશી દેઢિયા	તુંબડી
વેવાણ-વેવાઈ	: મંજુલાબેન શાંતિલાલ લખમશી નિસર	વડાલા
	કોકિલાબેન લાલચંદ પોપટલાલ ગોગરી	વડાલા
	રસિલાબેન પ્રવિણભાઈ ભવાનજી મામણીયા	બેરાજા
પરમ સ્નેહી	: વિમળા ધીરજ કુંવરજી દેઢિયા	દેશલપુર
	જયાબેન પ્રેમજી ભેદા	કપાયા
	પુષ્પાબેન નાનાલાલ શાહ	નાગલપુર
	લતા નેમચંદ પોલડીયા	બિદડા
	પ્રભાબેન હરેશ ગંગર	છસરા
	હંસાબેન રમેશ સાવલા	કોડાય
	નવકાર કો.ઓ.સોસાયટી રહેવાસીઓ	દેશલપુર
	દેશલપુર (કંઠી) જૈન ભોજનાલય	દેશલપુર
	કોઠારીવાડી વેલફેર એસોસીએશનના બધા સભ્યો	
	શ્રી શિવપ્રસાદ કો.ઓ.હા.સો.ના બધા સભ્યો	
ઋણ સ્વીકાર	: ખારી માની સેવા અને અંતિમ વિધી કીટ - શ્રી મલાડ કચ્છી જૈન ફાઉન્ડેશન	

(CLA-13873)

પ્રાર્થના સભાઃ બુધવાર, તા. ૨૧-૧૦-૨૦૨૫ • સમયઃ બપોરે ૨ થી ૩.૩૦ • ભક્તિગીત : જીલ આર્ટસ્ - મનોજ કારાણી અને સાથી કલાકારો

સ્થળઃ શ્રી હાલાઈ લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (વે), મુંબઈ-૬૭ • વેલે પાર્કીંગ

લૌકીક વ્યવહાર સદંતર બંધ છે. • ઘરે આવવાની તકલીફ ન લેવા વિનંતી. • ફોન આવકાર્ય. • સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે નવકાર ગણવા વિનંતી.

નોંધ : ઉપરોક્ત સગાસંબંધીઓના નામમાં શરતચુકથી કોઈનું નામ રહી ગયેલ હોય અથવા ભુલ થયેલ હોય તો મિચ્છામિ દુક્કડમ્

નિવાસ : નવીન દેઢિયા, ૪૦૧-૪૦૨, શિવ પ્રસાદ બિલ્ડીંગ, કોઠારીવાડી, રામચંદ્ર લેન, મલાડ (વે), મુંબઈ - ૪૦૦૦૬૪.
નવીન : ૯૮૩૩૭ ૨૨૦૦૬ • યતીશ : ૯૮૬૯૪ ૩૭૨૧૬ • સોનલ : ૯૯૬૯૪ ૧૫૫૩૩

KENIA AD AGENCY - 9870155993

અમારા પરિવારના અંગત આત્મીય સ્વજન સમા
શ્રી નાનજી દાદાને ભાવપૂર્ણ ભાવાંજલી

વિદાય દેહની હોય છે, સંબંધોની નહીં...

શ્રી નાનજીભાઈ (દાદા) વેલજી લીલાધર નાગડા

(નરેડી - ચેમ્બુર)

આપની સાથે જોડાયેલી યાદો,
આપના પ્રેમભર્યા સંબંધો અને
આપના જીવનમાંથી મળેલી શીખ
સદાય અમારી સાથે રહેશે.
આપનું સ્મરણ અમારા હૃદયમાં
હંમેશા આદર અને આત્મીયતા
જગાવતું રહેશે...

જીવનયાત્રા
તા. ૧૩-૪-૧૯૪૩ થી તા. ૧૮-૧૦-૨૦૨૬

સદાય સ્મૃતિમાં... સદાય હૃદયમાં...

માતુશ્રી લક્ષ્મીબેન શામજી હરિયા પરિવાર (નરેડી)

(CLB-13898)

Optilink Networks Pvt. Ltd.

CIRKIT ELECTRO COMPONENTS PVT. LTD.

BINITA S. MARU - 9869034162

શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ વતી શ્રી ભદ્રેશ્વર (વસઈ) જૈન તીર્થ

માનવતાની જ્યોત, ધર્મભાવના રાખનારા...
દિલેર દાનવીર-મુઠ્ઠી ઉંચેરા માનવીને
અંતરભીની શ્રધ્ધાંજલિ...



શ્રી નાનજીભાઈ (દાદા)
વેલજી લીલાધર નાગડા
(કચ્છ : નરેડી • મુંબઈ : ચેમ્બુર)

અરિહંતશરણ : તા. ૧૮-૧૦-૨૦૨૬ • ઉં. વ. : ૮૩

આશા અને અરમાનોને ત્યજી સંસાર અસાર,
રવ થી પરમની અનંતયાત્રા તમારી અપાર.
આ લક્ષ ચોરાસીના પરીભ્રમણમાંથી છુટવાની
મહાન સાધના-આરાધના આપે શરૂ કરી હતી,
તે પુરી થઈ...

કર્તવ્યનિષ્ઠ, ધર્મનિષ્ઠ, સદાચારનિષ્ઠ
સુશ્રાવક શ્રી નાનજીભાઈ (દાદા)ની
સેવા સમાજ અને શાસન માટે ગૌરવવંત હતી.
તેઓ શ્રી ભદ્રેશ્વર (વસઈ) જૈન તીર્થના ટ્રસ્ટી હતા.
તેમના ઉપકારો સદાસદા સ્મરણીય રહેશે.

શાસનદેવ તેમને શાંતિ આપે
એજ અમારી પ્રાંજલ પ્રાર્થના...

લિ. શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ વતી શ્રી ભદ્રેશ્વર (વસઈ) જૈન તીર્થ

શ્રી ડૉ. પ્રવિણભાઈ સાકરચંદ શાહ
પ્રમુખશ્રી (ભુજ-મુંબઈ)

શ્રી જવેરચંદ આણંદજી ખોના
મે.ટ્રસ્ટીશ્રી (સાંઘવ-ગાંધીધામ)

શ્રી સુબોધચંદ્ર પીતામ્બર શાહ
ટ્રસ્ટીશ્રી (અંજાર-કચ્છ)
શ્રી પિયુષ વસનજી શાહ
ટ્રસ્ટીશ્રી (નવાવાસ-મુંબઈ)
શ્રી નિશાંત સુરેશ શાહ
ટ્રસ્ટીશ્રી (માંડવી-કચ્છ)
શ્રી મણીલાલ હંસરાજ ગંગર
ટ્રસ્ટીશ્રી (નવાવાસ-વડોદરા)
શ્રી ચંદ્રેશ સુબોધચંદ્ર શાહ
ટ્રસ્ટીશ્રી (માંડવી-કચ્છ)

શ્રી હેમંત અમરચંદ વોરા
ટ્રસ્ટીશ્રી (નારણપુર-મુંબઈ)
શ્રી કેશવજી પદમશી ગોગરી
ટ્રસ્ટીશ્રી (ભુજપુર-મુંબઈ)
શ્રી નવીન કરમશી શાહ
ટ્રસ્ટીશ્રી (ભુજપુર-મુંબઈ)
શ્રી વિમલ વૃજલાલ મહેતા
ટ્રસ્ટીશ્રી (ભુજ-કચ્છ)
શ્રી મહેશ ખીમજી લાલકા
ટ્રસ્ટીશ્રી (વારાપધ્ધર-ગાંધીધામ)

શ્રી શાંતિલાલ લાલજીભાઈ શાહ
કોપ્ટ. ટ્રસ્ટીશ્રી (અંગીયા-ભુજ)
શ્રી જયેશ ચંદ્રકાંત શાહ
ઈન્વા. ટ્રસ્ટીશ્રી (ગઢસીસા-મુંબઈ)
શ્રી કમલનયન અમૃતલાલ મહેતા
કોપ્ટ. ટ્રસ્ટીશ્રી (ભચાઉ-ભુજ)
શ્રી ડુંગરશી માંડણ ગડા
કોપ્ટ. ટ્રસ્ટીશ્રી (ઘોરીયારી-મુંબઈ)
શ્રીમતી જયાબેન વિશનજી માડ
કોપ્ટ. ટ્રસ્ટીશ્રી (બિદ્ડા-મુંબઈ)

(CLB-13863)

UPASANA-9820167767

ભાવભીની શ્રદ્ધાંજલિ

અમારા વ્યવસાયિક મિત્ર દંપતી શ્રી મનીષભાઈ ને પિતાતુલ્ય સસરાનો વિયોગ અને શ્રીમતી પ્રીતિબેન ને પિતૃ વિયોગ...

શ્રી નાનજીભાઈ (દાદા) વેલજી નાગડા

(નરેડી – ચેમ્બુર)

અરિહંત શરણ : તા. ૧૮–૧૦–૨૦૨૫



જીંદાદિલ, મુઠ્ઠી ઊંચેરા અને એક અવિસ્મરણીય વ્યક્તિત્વ ધરાવનાર...

એક એવું વ્યક્તિત્વ જેમની લાગણી અને સ્મૃતિઓ હૃદયમાં હંમેશા જીવંત રહેશે.
આપનો સ્નેહ, આપની સાથે વિતાવેલી ક્ષણો અને આપનું માર્ગદર્શન ક્યારેય ભૂલી શકાશે નહીં.
આજે આપ અમારી વચ્ચે નથી,
છતાં દરેક યાદમાં, દરેકના હૃદયમાં અને દરેક ખૂણે આપની હાજરીનો અનુભવ થાય છે.
આપના વિશે લખવા માટે શબ્દો પણ ઓછા પડે છે...
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શીઘ્રાતિશીઘ્ર મોક્ષ પ્રદાન કરે અને
આ શોક સંતપ્ત પરિવાર પર આવેલ વજ્રઘાત સહન કરવાની શક્તિ આપે
એ જ હૃદયપૂર્વકની પ્રાર્થના.

ૐ શાંતિ:....શાંતિ:....શાંતિ:...

(CLB-13895)

લિ. : કંસારા ચાલ (કાલબાદેવી રોડ) તથા પાંજરાપોળ રોડના રીટેલ વ્યાપારી મિત્રો

BINITA S. MARU - 9869034162

શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

shantijin

સક્રિય વડિલ સલાહકારને ક્રણાંજલી

શ્રી નાનજીભાઈ (દાદા) વેલજી નાગડા



ગામ : નરેડી • હાલે : ચેમ્બુર

સંસ્થાના સલાહકાર અને સક્રિય કાર્યકર્તા તરીકે તેમણે દરેક કાર્યને સુપેરે પાર પાડવામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. પોતાના બહોળા અનુભવ, સૂઝબૂઝ અને સાચી સલાહ દ્વારા તેઓ હંમેશાં સંસ્થાને યોગ્ય માર્ગદર્શન આપતા રહ્યા હતા. દરેક કાર્યને વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવાની તેમની કાર્યશૈલી, નિષ્ઠા અને માર્ગદર્શક સ્વભાવ હંમેશાં સ્મરણીય રહેશે.

તેમના અવસાનથી સંસ્થાએ એક અનુભવી સલાહકાર, સમર્પિત કાર્યકર્તા અને હિતચિંતક ગુમાવ્યા છે.

આપને નત્ મસ્તકે ભાવાંજલી અર્પણ...

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ

જયેશ જૈન (ચેરમેન)

ગોવિંદજી પટેલ (વાઈસ ચેરમેન) વિપુલ પટેલ (પ્રેસિડેન્ટ)
પ્રવીણ લોડાયા (વાઈસ ચેરમેન) વિરેન્દ્ર લોડાયા (વાઈસ પ્રેસિડેન્ટ)
કિરણ દંડ (સેક્રેટરી) પ્રબોધ મુનવર (સેક્રેટરી)
તથા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈના સર્વે પરિવારજનો

(CLNMB-13884)

BINITA S. MARU - 9869034162

અમારા આદરણીય વડીલ સ્વજન

શ્રી નાનજી દાદા ને નત્મસ્તકે શ્રદ્ધાંજલિ.

કચ્છ નરેડી

હાલે ચેમ્બુર

શ્રી નાનજીભાઈ (દાદા) વેલજી લીલાધર નાગડા

દેવલોકગમન : તા. ૧૮–૧૦–૨૦૨૫

સંસારના જીવન મરણના વણથંભ્યા ફેરામાં પરોપકારી,
પરગજુ, નિખાલસ વ્યક્તિત્વ ધરાવતા, સૌ સાથે આત્મીયતા,
વતન પ્રત્યે પ્રેમ લાગણી ધરાવતા એવા આદરણીય મોભી વડીલ
શ્રી નાનજી દાદા નો આત્મા પરમ પદને પામે એવી મંગલ ભાવના....

લીના ચંદ્રકાન્ત ભાણજી શીવજી નાગડા
(નરેડી)

(CLB-13882)

BINITA MARU - 9869034162

અમારા પથદર્શક વડિલશ્રીને શ્રદ્ધાંજલી

એક હાથ પકડીને આગળ વધાર્યા...

અનેકને સફળતાના શિખરે પહોંચાડ્યા !

વડીલશ્રી નાનજીભાઈ (દાદા) વેલજી લીલાધર નાગડા

નરેડી - ચેમ્બુર | દેવલોકમગન : તા. ૧૮-૧૦-૨૦૨૬

પાંચ દાયકા પહેલાં કંસારા ચાલ, સ્ટીલ બજારમાં પોતાના વ્યવસાયિક જીવનની શરૂઆત કરનાર નાનજી દાદાએ માત્ર વેપાર જ નથી કર્યો, પરંતુ અનેક યુવાનોના ભવિષ્યનો પાયો પણ મજબૂત બનાવ્યો છે.

તેમના માર્ગદર્શન અને અનુભવના સાનિધ્યમાં એકડે એકથી શરૂઆત કરીને આશરે 25થી 30 યુવાનોએ વ્યવસાયની બારીકાઇઓ શીખી, વેપારની સમજ કેળવી અને પોતાની આવડતને ઓળખી. દાદાએ તેમને માત્ર કામ શીખવ્યું નહીં, પરંતુ આત્મવિશ્વાસ, મહેનત અને પોતાની રીતે આગળ વધવાની હિંમત પણ આપી.

આજે એ જ યુવાનો પોતાના વ્યવસાયમાં પ્રગતિ કરીને ઘણાં આગળ નીકળી ગયા છે. નાનજીદાદા પોતે સ્વયં એ યુવાનોના વ્યવસાય પર જઇને જાણકારી મેળવતા હતા. તેમની સફળતાની સફરમાં દાદાએ આપેલું માર્ગદર્શન અને તેમણે શીખવેલા જીવનમૂલ્યોનો અમૂલ્ય ફાળો રહ્યો છે.

દાદા, તમે અનેક યુવાનોને વ્યવસાયનો માર્ગ બતાવ્યો, તેમની ક્ષમતાને ઓળખી અને તેમને આગળ વધવાની તક આપી. તમારા આ યોગદાનની યાદ હંમેશાં સૌના હૃદયમાં જીવંત રહેશે. તમારી પાસેથી શીખેલા પાઠ આજે અનેકની સફળતામાં પ્રતિબિંબિત થાય છે એ જ તમારી સાચી સિદ્ધિ અને અમૂલ્ય વારસો છે.

(CLB-13891)

Miss you! Nanji Dada...

લિ. આપના હાથ નીચે ઘડાયેલા આપના શિષ્યો

અમારા વડિલતુલ્ય અંગત સ્વજન સમા શ્રી નાનજી દાદાને ભાવભરી શ્રધ્ધાંજલિ

શ્રી નાનજીભાઈ (દાદા) વેલજી નાગડા

(નરેડી - ચેમ્બુર) અરિહંત શરણ : તા. ૧૮-૧૦-૨૦૨૬

એક પંખી આવીને ઉડી ગયું, વાત સરસ મજાની સમજાવી ગયું...
આયુષ્યમાં હેત-પ્રેમથી જીવનને સંભારણું
બનાવી જનારા સ્નેહીથી પણ વિશેષ
અમારા શ્રી નાનજી દાદા ની સ્મૃત્તિઓ છે
અમારા હૃદય કમળમાં અંકિત....
હે...પ્રભુ નરેડી ગામનું રતન છે આપની પાસ...
કરજો એમનું શ્રેષ્ઠ જતન, એજ અમારી આશ...

(CLB-13892)

શોકમગ્ન : પારિવારિક મિત્ર પરિવાર

માતુશ્રી લક્ષ્મીબેન જીવરાજ ગોવર નાગડા (નરેડી-અંબરનાથ)

અમૃતબેન જયંતીલાલ જીવરાજ નાગડા

નીતાબેન લક્ષ્મીચંદ જીવરાજ નાગડા | નિર્મળાબેન મણીલાલ જીવરાજ નાગડા

સણોસરા ગામે શ્રી આશરા માતાજી તથા શ્રી ખેતરપાળ દાદાને
નમતા નાગડા ભાવિક મંડળ

મંડળના દરેક કાર્યો સુપેરે પાર પાડનાર
કર્મનિષ્ઠ વડિલ શ્રી નાનજી દાદા ને ભાવપૂર્ણ ભાવાંજલી

શ્રી નાનજીભાઈ (દાદા) વેલજી લીલાધર નાગડા

નરેડી - ચેમ્બુર | દેવલોકગમન : તા. ૧૮-૧૦-૨૦૨૬

જેના રોમે રોમે કુળદેવી શ્રી આશરામાતાજી અને ખેતરપાળ દાદા ના નામનો રણકાર સંભળાય,
માતાજીનાં પહેડી - જુહાર પ્રતિષ્ઠા, શ્રી આશરાભવનનું નિર્માણ વગેરે
દરેક કાર્યક્રમમાં સચોટ માર્ગદર્શન સાથે તન-મન-ધન અને અંતરમનથી સમર્પિત,
તથા દર વર્ષે સમુહ પહેડીમાં આપની હાજરી અચુક હોય,
દરેક રીતે સહયોગ આપનારા દીર્ઘ સમય સુધી જે ઘેઘુર વડલા બની છાયા આપનારા
શ્રેષ્ઠી મુરબ્બી પૂ. શ્રી નાનજી દાદા તા. ૧૮-૧૦-૨૬ ના પરમપંથ તરફ પ્રયાણ કરેલ છે.
પૂ. નાનજી દાદા ની વિદાયથી મંડળને ન પૂરાય એવી ખોટ પડી છે.
તેઓશ્રીનો આત્મા શિઘ્રાતિશિઘ્ર સર્વ કર્મોનો ક્ષય કરી પરમપદને પ્રાપ્ત કરે
એજ પ્રાંજલ પ્રાર્થના સહ એમના પરિવારને આ વજ્રઘાત સહન કરવાની
શ્રી આશરા માઁ શક્તિ આપે એજ મંગલ ભાવના...

**લી. સણોસરા ગામે શ્રી આશરા માતાજી તથા શ્રી ખેતરપાળદાદાને
નમતા નાગડા નુખના સમસ્ત ભાવિકો**

(CLB-13876)

BINITA S. MARU - 9869034162

જન્મદાત્રી માતા, પ્રેમાળ નાનીમાને વ્હાલાંજલિ

માતુશ્રી કેસરબેન નાગજી માડૂ

લાખાપુર - વાશી, અરિહંતશરણ : તા.૧૯-૧૦-૨૦૨૬

પુણ્યશાળી, પ્રેરણામૂર્તિ, સંસ્કારી, સદાચારી,
સ્નેહાળ તમારી સ્મૃતિ, તમે વ્હાલના વાત્સલ્યમૂર્તિ,
સુકર્મો અને સદ્‌ભાવનાની આપની કિર્તી.
સુંદર છે આપની શાન, નતમસ્તકે કરીએ વંદન.
સદા મનડામાં રહે આપનું માન,
સહપરિવાર, સહૃદયે, સાદર કરીએ શ્રધ્ધાસુમન સમર્પણ.

સરલા કિશોર નાનજી ગડા (મેરાઉ-ખેતવાડી)
કલ્પા પ્રણવ (BE) ગડા - USA,
મેધાંશ, શનાયા
સરલા - 9930992598

કોકીલા સતીષ કુંવરજી સાવલા (મોટા આસંબીયા-મુલુંડ)
નિશા - મેહુલ જીતેન્દ્ર દેઢિયા (બિદડા-જોગેશ્વરી), ચારવી-ચહેક
યેશા યતીન પ્રવિણ દેઢિયા (ગઢશીશા-મુલુંડ), પર્વ
ડૉ.હની CA અજય પંચોલી (નવાપુર-માટુંગા)
કોકીલા - 9324541958

હીના પંકજ વલ્લભજી કાપડીયા (પત્રી-મુલુંડ)
કેતકી (B.Tech) પારસ (B.Tech) કાપડીયા (USA),
ધ્વનિ (DBM) ઋષભ (B.Tech, M.S.) કાપડીયા (USA),
હીના - 8655199636

રચના રાજેશ રામજી સાવલા (નાની તુંબડી-વાંદરા)
AR. રિધ્ધી AR. પૂરવ અનિલ શાહ (નાના બેડા-ચીંચપોકલી)
આદિત રાજેશ સાવલા (MscIBM) (વાંદરા)
રચના - 9820983362

(CLB-13888)

NEEL PARI - 9322299742

શ્રી કચ્છ નરેડી વિશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન

મુઠ્ઠી ઉંચેરા માનવીને શ્રધ્ધાસુમન...

શ્રી નાનજીભાઈ (દાદા) વેલજી લીલાધર નાગડા

(નરેડી - ચેમ્બુર)

દેવલોકગમન : તા. ૧૮-૧૦-૨૦૨૬

શ્રી નરેડી જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી નાનજી (દાદા) ના
અવસાનથી નરેડી ગામને મોટી ખોટ પડી છે.
એમની કાર્ય કરવાની સુઝબુઝથી દરેક કાર્યો દીપી ઉઠતા હતા.
છેલ્લા ચાર દાયકાથી ગામ તથા સંઘને સંપૂર્ણ સમર્પિત હતા.
એમના નેજા હેઠળ થયેલ જીવદયા, સામાજીક, વૈદકીય,
આવાસ યોજના, દીક્ષા મહોત્સવ, ચાતુર્માસ સંબંધી મહોત્સવ
અંજન શલાકા પ્રતિષ્ઠા વગેરે અગણીત કાર્યો
નરેડી ગામને મોખરાનું સ્થાન આપવ્યું.
એમની સેવાઓ નરેડીના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.
એમના આત્માને પરમશાંતિ મળે અને
એમનો આત્મા જલ્દીથી મોક્ષગામી બને
એજ શ્રી ચંદ્રપ્રભુદાદા પાસે પ્રાર્થના...

લિ. શ્રી કચ્છ નરેડી વિશા ઓસવાલ જૈન મહાજન

શ્રી નરેડી જૈન સંઘ સંચાલિત

શ્રી પ્રેમજી શીવજી અને પાસુ શીવજી માનવ રાહત ફંડ

શ્રી મુરજી ડુંગરશી એજ્યુકેશન ફંડ

શ્રી નરેડી પ્રગતિ મંડળ શ્રી નરેડી યુવક મંડળ

શ્રી વીરગુણ મહિલા મંડળ

(CLB-13879)

ટ્રસ્ટીઓ, અધિકારીઓ, કારોબારી સભ્યો

BINITA S. MARU - 9869034162